દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
રવિવાર ૨ ઓગસ્ટ, ૨૦૨૬

જેના પર દેશમાં વિવાદ ચાલી રહ્યો છે તે ઈથેનોલ છે શું?

આધુનિક યુગમાં ઊર્જાની વધતી જતી માંગ અને પેટ્રોલિયમ જેવા અશ્મિ ઈંધણના ઘટતા ભંડારને કારણે વૈકલ્પિક ઈંધણની શોધ પર સમગ્ર વિશ્વ ભાર મૂકી રહ્યું છે. આવા વૈકલ્પિક ઈંધણોમાં ઈથેનોલનું મહત્વ સતત વધી રહ્યું છે. ઈથેનોલ એક પ્રકારનો આલ્કોહોલ છે, જે મુખ્યત્વે શેરડી, મકાઈ, જુવાર તથા અન્ય કૃષિ પાકોમાંથી તૈયાર કરવામાં આવે છે. ભારતમાં પણ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ (E20) તરફ ઝડપથી આગળ વધવામાં આવી રહ્યું છે. ઈથેનોલનો ઉપયોગ અનેક લાભો આપે છે, પરંતુ તેના વધતા ઉપયોગ સાથે કેટલીક ગંભીર સમસ્યાઓ અને પડકારો પણ જોડાયેલા છે. તેથી ઈથેનોલના ઉપયોગની ગંભીરતા સમજવી અત્યંત જરૂરી બની છે.

ઈથેનોલ એક રંગહીન અને જ્વલનશીલ પ્રવાહી છે. તેનો ઉપયોગ વાહનો માટેના ઈંધણ તરીકે, ઔદ્યોગિક ઉત્પાદન, દવાઓ, રસાયણો, સેનિટાઈઝર અને વિવિધ પ્રયોગશાળાઓમાં કરવામાં આવે છે. ભારતમાં મુખ્યત્વે શેરડીના મોલાસિસ અને અનાજમાંથી ઈથેનોલનું ઉત્પાદન કરવામાં આવે છે. સરકાર દ્વારા પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ વધારવાની યોજના અમલમાં મૂકવામાં આવી રહી છે જેથી પેટ્રોલિયમની આયાત ઘટાડી શકાય.

ઈથેનોલનો સૌથી મોટો લાભ એ છે કે તે પર્યાવરણને પ્રમાણમાં ઓછું પ્રદૂષિત કરે છે. ઈથેનોલના ઉપયોગથી કાર્બન મોનોક્સાઈડ અને અન્ય હાનિકારક વાયુઓનું ઉત્સર્જન ઘટે છે. તે નવીનીકરણીય સ્ત્રોતમાંથી પ્રાપ્ત થતું હોવાથી લાંબા ગાળે ઊર્જા સુરક્ષા માટે ઉપયોગી સાબિત થાય છે. ખેડૂતોને પણ તેમના કૃષિ પાક માટે વધારાનું બજાર મળે છે, જેના કારણે તેમની આવકમાં વધારો થઈ શકે છે.

ઈથેનોલના વધતા ઉપયોગથી એક તરફ દેશને પેટ્રોલિયમ આયાતમાં ઘટાડો કરીને વિદેશી હૂંડિયામણની બચત થાય છે, પરંતુ બીજી તરફ તેના ઉત્પાદન માટે મોટા પ્રમાણમાં શેરડી અને અનાજનો ઉપયોગ કરવાથી ખાદ્ય સુરક્ષા પર અસર પડી શકે છે. જો ખાદ્ય પાકનો વધુ ઉપયોગ ઈથેનોલ બનાવવા માટે થશે તો બજારમાં અનાજના ભાવ વધી શકે છે. આથી સામાન્ય લોકો માટે ખાદ્ય વસ્તુઓ મોંઘી બનવાની શક્યતા રહે છે.

ભારતમાં શેરડી અને મકાઈ જેવા પાકમાંથી ઈથેનોલનું ઉત્પાદન કરવામાં આવે છે. જો ખેડૂતો વધુ નફાની આશાએ માત્ર ઈથેનોલ માટેના પાકનું જ ઉત્પાદન કરશે તો અન્ય જરૂરી ખાદ્ય પાકોના ઉત્પાદન પર અસર થઈ શકે છે. આ ઉપરાંત શેરડી જેવા પાકને ખૂબ જ વધુ પાણીની જરૂર પડે છે. પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં આવા પાકનું વધુ ઉત્પાદન ભૂગર્ભ જળના સ્તરમાં ઘટાડો લાવી શકે છે.

ઈથેનોલને સ્વચ્છ ઈંધણ માનવામાં આવે છે, છતાં તેના ઉત્પાદન દરમિયાન જમીન, પાણી અને ખાતરોનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. જંગલોનો નાશ કરીને ખેતીલાયક જમીન વધારવામાં આવે તો જૈવ વૈવિધ્યને નુકસાન પહોંચી શકે છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધુ ઉપયોગથી જમીનની ફળદ્રુપતા અને પાણીની ગુણવત્તા પર પણ નકારાત્મક અસર થાય છે.

ઈથેનોલ મિશ્રિત ઈંધણનો ઉપયોગ કરવા માટે કેટલાક જૂના વાહનોમાં તકનીકી ફેરફારો કરવાની જરૂર પડે છે. વધુ પ્રમાણમાં ઈથેનોલ ધરાવતા ઈંધણથી કેટલાક વાહનોના એન્જિનના ભાગો પર અસર થઈ શકે છે. તેથી વાહન ઉત્પાદકો અને ગ્રાહકો બંનેએ નવી ટેક્નોલોજી અપનાવવાની જરૂર પડે છે. આ માટે વધારાનો ખર્ચ પણ કરવો પડે છે.

ઈથેનોલના ઉત્પાદનથી ખેડૂતોને લાભ મળી શકે છે, પરંતુ જો ખાદ્ય પાકની જગ્યાએ રોકડિયા પાકનું ઉત્પાદન વધશે તો ગરીબ અને મધ્યમ વર્ગ માટે ખાદ્ય વસ્તુઓની ઉપલબ્ધતા અને કિંમત બંને પર અસર થઈ શકે છે. તેથી સરકાર માટે સંતુલન જાળવવું ખૂબ જરૂરી બને છે. વિકાસ અને ખાદ્ય સુરક્ષા બંનેને સમાન મહત્વ આપવું જોઈએ.

ભારત સરકારે ઈથેનોલ મિશ્રણ કાર્યક્રમને પ્રોત્સાહન આપ્યું છે. દેશભરમાં પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધારવા માટે વિવિધ નીતિઓ અમલમાં મૂકવામાં આવી રહી છે.

ડિસ્ટિલરીઓની સંખ્યા વધારવા, ખેડૂતોને પ્રોત્સાહન આપવા અને વૈકલ્પિક કાચા માલમાંથી ઈથેનોલનું ઉત્પાદન વધારવા માટે પણ પ્રયત્નો થઈ રહ્યા છે. સાથે સાથે ખાદ્ય સુરક્ષા અને પર્યાવરણ વચ્ચે સંતુલન જળવાય તે માટે પણ માર્ગદર્શિકા બનાવવામાં આવી રહી છે.

ઈથેનોલના ઉપયોગને વધુ અસરકારક બનાવવા માટે ખાદ્ય પાકની જગ્યાએ કૃષિ કચરો, બાયોમાસ અને અન્ય બિન-ખાદ્ય સ્ત્રોતોમાંથી ઈથેનોલ ઉત્પાદનને પ્રોત્સાહન આપવું જોઈએ. પાણી બચાવતી ખેતી પદ્ધતિઓ અપનાવવી જોઈએ. ખેડૂતોને પાક વૈવિધ્યતા તરફ પ્રોત્સાહિત કરવા તેમજ સંશોધન અને નવી ટેક્નોલોજીમાં રોકાણ વધારવું જોઈએ. ઉપરાંત વાહન ઉત્પાદકો દ્વારા ઈથેનોલને અનુકૂળ એન્જિન વિકસાવવામાં વધુ ધ્યાન આપવું જરૂરી છે.

ઈથેનોલ ભારત માટે ઊર્જા સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ અને ખેડૂતોની આવક વધારવાના દૃષ્ટિકોણથી એક મહત્વપૂર્ણ વિકલ્પ છે.

પરંતુ તેનો બિનઆયોજિત અને અતિશય ઉપયોગ ખાદ્ય સુરક્ષા, પાણીના સંસાધનો, કૃષિ અને પર્યાવરણ માટે ગંભીર પડકારો ઊભા કરી શકે છે. તેથી ઈથેનોલના ઉપયોગમાં સંતુલિત અભિગમ અપનાવવો અનિવાર્ય છે. સરકાર, વૈજ્ઞાનિકો, ખેડૂતો, ઉદ્યોગો અને સામાન્ય નાગરિકો સૌના સંયુક્ત પ્રયાસોથી જ ઈથેનોલનો ઉપયોગ દેશના સર્વાંગી વિકાસ માટે આશીર્વાદ સાબિત થઈ શકે છે.

દરેક સબંધ માટે જરૂરી

એક રિલેશનશીપ સેમીનાર હતો જેમાં જુદા જુદા સ્પીકરો જીવનમાં સબંધોનું મહત્વ, સબંધો કેવી રીતે બાંધવા, સબંધો કેવી રીતે મજબુત બનવવા અને તૂટતા સબંધોને કઈ રીતે ટકાવી રાખવા વગેરે વિષે સરસ વાતો સમજાવી રહ્યા હતા.

એક સ્પીકરે સ્ટેજ પર આવી તરત સવાલ કર્યો કે 'જીવનમાં કોઇપણ સબંધ હોય લોહીનો હોય કે લાગણીનો કે પછી કામ કાજના સાથી કે મિત્રતા દરેક સબંધને મજબુત બનાવવા માટે શું સૌથી જરૂરી છે?'

શ્રોતાઓમાંથીજુદા જુદા જવાબ આવ્યા કે સમય આપવો જરૂરી છે, પ્રેમ જરૂરી છે, સાથે રહેવું જરૂરી છે, એક મેકની પસંદ મળવી જરૂરી છે, લાંબા સમયનો સાથ જરૂરી છે, એક મેકનું સન્માન રાખવું જરૂરી છે.

સ્પીકરે કહ્યું, 'તમારા બધાના જવાબ ખોટા છે તેમ નહિ કહું પણ મારા મતે દરેક સબંધ નવો હોય કે જુનો તે સબંધ લાગણીનો હોય કે લોહીનો બે વસ્તુ સૌથી વધારે જરૂરી છે.તે બે વસ્તુના પાયા પર જ ન તૂટે તેવી મજબુત સબંધની ઈમારત બાંધી શકાય છે.'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

આટલું બોલી સ્પીકર અટક્યા અને બધા તેબે પાયા વિષે જાણવા આતુર બન્યા.

સ્પીકરે પેન ઉપાડી અને વ્હાઈટ બોર્ડ પર બે શબ્દ લખ્યા પહેલો શબ્દ 'વિશ્વાસ' અને બીજો શબ્દ 'સચ્ચાઈ' આ બે શબ્દ વાંચીને શ્રોતાજનોએ તાળીઓ પાડી.

સ્પીકર આગળ બોલ્યા, 'તમારી તાળીઓ કહે છે કે તમે મારી વાત સાથે સંમત છો કે કોઇપણ સબંધને મજબુત બનાવવા સબંધમાં સચ્ચાઈ અને વિશ્વાસ સૌથી વધુ મહત્વના છે. હવે એથી આગળ વધીને સમજાવું કે આ બે કેમ બહુ મહત્વના છે અને આ બંને એક મેક સાથે તાણાવાણાની જેમ વણાયેલા છે. જુઓ સમજો જો તમે કોઈ વ્યક્તિ પર વિશ્વાસ નહિ કરો તો તમે તેને કોઈ સાચી વાત નહિ કરો અને જો તમે સાચી વાત નહી કરો તો સામેવાળી વ્યક્તિ તમારી પર વિશ્વાસ નહિ કરે.'

સત્ય અને ભરોસો દરેક સબંધની પાયાની જરૂરિયાત છે અને અરસ પરસ આધારિત છે એ વાત સમજાવતા સ્પીકરે આગળ કહ્યું કે 'જીવનમાં તમ્રે મજબુત સબંધો બાંધવા હોય અને ટકાવવા હોય તો દરેક સબંધમાં એટલા પ્રમાણિક રહેજો કે સામેવાળો વ્યક્તિ તમારી પર પૂર્ણ ભરોસો કરે. સચ્ચાઈ અને વિશ્વાસ દરેક સબંધની પાયાની જરૂરિયાત છે તેના પર જ મજબુત સબંધ બંધાય છે.' સ્પીકરે સુંદર વાત સમજાવી.

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસની ઐતિહાસિક સીરિયા મુલાકાત

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

વર્ષ ૨૦૧૧માં સીરિયામાંગૃહયુદ્ધ ફાટી નીકળ્યા બાદ આંતરરાષ્ટ્રીય મંચ પરથી એક પ્રકારે અલગ પડેલું (એકાંતવાસ ભોગવી રહેલું) સીરિયા હવે ફરીથી વૈશ્વિક પ્રવાહમાં જોડાઈ રહ્યું છે. યુએન (UN)ના મહાસચિવએન્ટોનિયોગુટેરેસનીસીરિયાની રાજધાની દમાસ્કસની ઐતિહાસિક મુલાકાત વૈશ્વિક રાજનીતિ અને મધ્યપૂર્વનાસમીકરણોમાં એક અત્યંત મહત્વપૂર્ણ વળાંક સમાન સાબિત થઈ છે.સત્તાવાર રીતે કોઈ પણ યુએન વડા દ્વારા ૧૭ વર્ષમાં (બાન કી-મૂનની ૨૦૦૯ની મુલાકાત બાદ) સીરિયાની આ પ્રથમ મુલાકાત છે.

વર્ષ ૨૦૨૪ના અંતમાં પૂર્વ રાષ્ટ્રપતિ બશરઅલ-અસદનીસત્તાના પતન અને લાંબા ગૃહયુદ્ધના અંત પછી સીરિયામાં એક નવા રાજકીય સંક્રમણની શરૂઆત થઈ છે.વર્તમાન વચગાળાના રાષ્ટ્રપતિ અહમદઅલ-શરાનું શાસન આંતરરાષ્ટ્રીય સમુદાય સાથેના સંબંધોને ફરીથી પ્રસ્થાપિત કરવા અને યુદ્ધમાં પાયમાલ થયેલા અર્થતંત્રને બેઠું કરવાના પ્રયાસો કરી રહ્યું છે.તાજેતરમાં એન્ટોનિયોગુટેરેસદમાસ્કસની મુલાકાત લઈને રાષ્ટ્રપતિ અહમદઅલ-શરા તથા વિદેશ મંત્રી અસાદઅલ-શૈબાનીસહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે વિસ્તૃત બેઠકો કરી છે.આ મુલાકાત દરમિયાન માનવતાવાદી સહાય, શરણાર્થીઓનીવાપસી અને યુદ્ધગ્રસ્તવિસ્તારોનાપુનર્નિર્માણ પર મુખ્ય ભાર મૂકવામાં આવ્યો હતો.

ચર્ચાના મુખ્ય મુદ્દાઓમાંસિરીયાનાપુનર્નિર્માણ અને આંતરરાષ્ટ્રીય સહયોગ તેમજ સુરક્ષા અને સરહદી પડકારોનો સમાવેશ થાય છે. સીરિયાની અર્થવ્યવસ્થા અનેક વર્ષોનાસંઘર્ષને કારણે તૂટી ગઈ છે.દેશની બે-તૃતીયાંશ વસ્તીનેસહાયની જરૂર છે. આ મુલાકાતમાં યુએનએજન્સીઓ દ્વારા પુનર્નિર્માણપ્રોજેક્ટ્સને વેગ આપવા અને આર્થિક પુનરુત્થાન માટે ચર્ચા થઈ છે. સીરિયા હજુ પણ આંતરિક સુરક્ષા પડકારો અને ઇઝરાયલ સાથેના સરહદી તણાવનો સામનો કરી રહ્યો છે. ગુટેરેસેસીરિયાનુંસાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાની રક્ષા કરવા પર ભાર મૂક્યો છે, તેમજ શાંતિરક્ષક દળો (UNDOF)ની ભૂમિકાની પણ સમીક્ષા કરી છે.

બદલાતી વૈશ્વિક પરિસ્થિતિ જોતાં સિરીયાને વર્તમાન સમયમાં પ્રતિબંધોમાં રાહત અને વૈશ્વિક સ્વીકૃતિ ખાસ જરૂર છે. અમેરિકા અને પશ્ચિમી દેશો દ્વારા સીરિયા પરના કેટલાક પ્રતિબંધો હળવા કરવામાં આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે પણ અગાઉના આતંકવાદ સંબંધિત પ્રતિબંધોમાં રાહત આપી છે. અત્યાર સુધી એક રીતે સિરીયાકૂટનીતિક એકાંતવાસભોગવતું આવ્યું છે યુએનમહાસચિવની આ મુલાકાત એ વાતની સ્પષ્ટ સાક્ષીપૂરે છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય હવે સીરિયાના નવા શાસનને સ્વીકારવા અને તેને વૈશ્વિક પ્રવાહમાં પાછું લાવવા માટે તૈયાર છે.

બદલાતી વૈશ્વિક પરિસ્થિતિ જોતાં સિરીયાને વર્તમાન સમયમાં પ્રતિબંધોમાં રાહત અને વૈશ્વિક સ્વીકૃતિ ખાસ જરૂર છે

સીરિયામાં થઈ રહેલા આ ઐતિહાસિક રાજકીય બદલાવ અને યુએનની પહેલ પર ભારતની પણ ઊંડી નજર રહેલી છે. ભારત અને સીરિયા વચ્ચે વર્ષોથી પરંપરાગત અને મૈત્રીપૂર્ણ રાજદ્વારી સંબંધો રહ્યા છે. જ્યારે સીરિયા ગંભીર ગૃહયુદ્ધ અને આંતરરાષ્ટ્રીય એકાંતવાસમાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે પણ ભારતે માનવતાવાદી ધોરણે સીરિયાને દવાઓ, અન્ન સામગ્રી અને અન્ય જરૂરી સહાય પૂરી પાડવાનું ચાલુ રાખ્યું હતું. મધ્યપૂર્વમાં શાંતિ, સ્થિરતા અને સુરક્ષા જળવાઈ રહે તે ભારતની વિદેશ નીતિનું હંમેશાં મુખ્ય કેન્દ્ર રહ્યું છે. સીરિયાનુંપુનર્નિર્માણ અને ત્યાં સ્થિર સરકારની સ્થાપના ક્ષેત્રિય વેપાર, સુરક્ષા અને આતંકવાદ વિરોધી સહકારની દ્રષ્ટિએ ભારત માટે પણ અત્યંત સ્વાગત યોગ્ય પગલું સાબિત થઈ શકે છે.

જોકે સિરીયા માટે આગામી સમય એટલો આસન નહીં હોય, તેના સામે અનેક મોરચે પડકારો ઊભા છે. સિરીયા અત્યારે શાંતિ અને સ્થિરતા તરફ ડગલાં ભરી રહ્યું છે ત્યારે જો સીરિયાનું નવું શાસન આંતરરાષ્ટ્રીય સહયોગનો યોગ્ય ઉપયોગ કરીને દેશમાં સમાવેશી રાજનીતિ, કાયદો અને વ્યવસ્થા તેમજ માનવાધિકારોની રક્ષા સુનિશ્ચિત કરે, તો આ મુલાકાત સીરિયાના ઉજ્જવળ અને સ્થિર ભવિષ્યની મજબૂત નીવ સાબિત થઈ શકે છે. લાખો વિસ્થાપિત નાગરિકોનીઘરવાપસી અને ઐતિહાસિક શહેરો (જેમ કે અલેપ્પો)ના પુનર્નિર્માણ માટે યુએન અને વૈશ્વિક ફંડિંગ અત્યંત નિર્ણાયક બનશે. સંયુક્ત રાષ્ટ્રનાવડાની આ સીરિયા મુલાકાત માત્ર એક કૂટનીતિક ઔપચારિકતા નથી, પરંતુ તે યુદ્ધની રાખમાંથીઉભા થવા મથતાસીરિયન પ્રજા માટે એક નવી આશાનું કિરણ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

વિશ્વાસઘાત: જમ્મુ અને કાશ્મીર હજુ પણ પૂર્ણ રાજ્યના દરજ્જાથી વંચિત

સમયાંતર
રામચંદ્ર ગુહા

5મી ઑગસ્ટ 2026ના રોજ ભારતીય બંધારણની કલમ 370 નાબૂદ કરવા અને જમ્મુ-કાશ્મીરને કેન્દ્રશાસિત પ્રદેશમાં રૂપાંતરિત કરવાના નિર્ણયને સાત વર્ષ પૂર્ણ થશે. આ વર્ષગાંઠ પહેલાં જમ્મુ-કાશ્મીરના શાસક પક્ષ નેશનલ કોન્ફરન્સ (NC) એ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની માગ સાથે 20મી જુલાઈએ નવી દિલ્હીમાં પ્રદર્શનનું આયોજન કર્યું હતું. જોકે, નેશનલ કોન્ફરન્સની આ પહેલને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP)નો સાથ ન મળ્યો અને 'ઇન્ડિયા' ગઠબંધનના અન્ય સભ્યો તરફથી પણ માત્ર નરમ પ્રતિસાદ મળ્યો. આ ઉપરાંત, આ વિરોધનો સમય પણ યોગ્ય નહોતો, કારણ કે 20મી જુલાઈએ જ કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા આયોજિત સંસદ માર્ચ યોજાઈ હતી. પરિણામે, મીડિયાનું સમગ્ર ધ્યાન CJPની રેલીમાં જોડાયેલા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને દિલ્હી પોલીસ દ્વારા તેમના પર કરવામાં આવેલા બળપ્રયોગ પર જ કેન્દ્રિત રહ્યું.

નેશનલ કોન્ફરન્સની આશાઓથી વિપરીત, તેના આ વિરોધ પ્રદર્શને જમ્મુ-કાશ્મીરના રાજ્યના દરજ્જાના મુદ્દાને ફરીથી જાહેર ચર્ચાના કેન્દ્રમાં લાવી શક્યો નહીં. છતાં, આ એક અત્યંત મહત્વપૂર્ણ અને હજુ સુધી અણઉકેલાયેલો પ્રશ્ન છે. ઑગસ્ટ 2019માં જમ્મુ-કાશ્મીર ભારતના ઇતિહાસમાં કેન્દ્રશાસિત પ્રદેશમાં રૂપાંતરિત થનારું પ્રથમ રાજ્ય બન્યું હતું. એવી આશા રાખવામાં આવી હતી કે ટૂંક સમયમાં રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવામાં આવશે, પરંતુ સાત વર્ષ પછી પણ જમ્મુ-કાશ્મીર માત્ર એક કેન્દ્રશાસિત પ્રદેશ બનીને રહ્યું છે, જે ત્યાંના સ્થાનિક લોકો જ નહીં પરંતુ દેશભરના લોકશાહીવાદી નાગરિકો માટે પણ આંચકાજનક છે.

એપ્રિલ 2024માં સ્વતંત્ર વેબસાઈટ 'કાશ્મીર ટાઈમ્સ' દ્વારા કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માટે આપવામાં આવેલા અને હજુ સુધી અણપાળેલા વચનોની એક ટાઈમલાઈન પ્રકાશિત કરવામાં આવી હતી. ઑગસ્ટ 2019માં આ ફેરફારના માંડ બે મહિના પછી, ઑક્ટોબર 2019માં ગૃહમંત્રી અમિત શાહે પોલીસ અધિકારીઓના એક જૂથને કહ્યું હતું કે 'સામાન્ય સ્થિતિ' પાછી આવ્યા પછી રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવામાં આવશે. એ જ વર્ષના ડિસેમ્બરમાં શાસક ભારતીય જનતા પાર્ટીના તત્કાલીન રાષ્ટ્રીય મહામંત્રી રામ માધવે કહ્યું હતું કે રાજ્યનો દરજ્જો 'ટૂંક સમયમાં' પુનઃસ્થાપિત કરવામાં આવશે.

ત્યારબાદ ફેબ્રુઆરી 2021માં ગૃહમંત્રીએ દાવો કર્યો હતો કે કેન્દ્ર સરકાર 'યોગ્ય સમયે જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપશે.' ત્યારબાદ ઑક્ટોબર 2021માં જમ્મુ-કાશ્મીરની મુલાકાત દરમિયાન તેમણે કહ્યું કે વિધાનસભાની ચૂંટણીઓ યોજાયા પછી રાજ્યનો દરજ્જો આપવામાં આવશે. જાન્યુઆરી 2022માં ગૃહમંત્રીએ ફરી કહ્યું હતું, 'સીમાંકનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં ચૂંટણીઓ યોજાશે. મેં લોકસભામાં ખાતરી આપી છે કે સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત થતાં જ રાજ્યનો દરજ્જો પાછો આપવામાં આવશે.' એક વર્ષ પછી ફરી એક ઈન્ટરવ્યુમાં તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, 'મેં સ્પષ્ટ કહ્યું હતું કે ચૂંટણી પછી જમ્મુ-કાશ્મીરમાં રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવામાં આવશે.'

2022માં જમ્મુ-કાશ્મીરમાં સીમાંકન કરવામાં આવ્યું, જેમાં જમ્મુ ક્ષેત્રમાં છ અને કાશ્મીર ખીણમાં માત્ર એક બેઠકનો વધારો કરવામાં આવ્યો. સપ્ટેમ્બર 2024માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ. એપ્રિલમાં ઉધમપુર-ડોડા ખાતે પ્રચાર દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ચૂંટણીઓ પછી કેન્દ્ર સરકાર રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરશે. સ્પષ્ટપણે, મોદી અને શાહને આશા હતી કે સીમાંકનની આ પ્રક્રિયા અને ખીણ આધારિત પક્ષો વચ્ચે મતવિભાજન થતાં ત્રિશંકુ પરિણામ આવશે, જેના કારણે ભાજપ ધમકી, ડર અને પ્રલોભન જેવા પોતાના પરંપરાગત માર્ગો દ્વારા સત્તા કબજે કરી શકશે. જોકે, આ તમામ ગણતરીઓ છતાં 'ઇન્ડિયા' ગઠબંધનને કુલ 90માંથી 49 બેઠકો સાથે સ્પષ્ટ બહુમતી મળી, જેમાં એકલી નેશનલ કોન્ફરન્સે 42 બેઠકો જીતી અને ઓમર અબ્દુલ્લાએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. 'કાશ્મીર ટાઈમ્સ'ની ટાઈમલાઈન 'ધ પ્રોમિસ્ડ લા લા લેન્ડ' એપ્રિલ 2024 સુધીના વચનો દર્શાવે છે. પરંતુ વિધાનસભાની ચૂંટણીઓ પછી અને ભાજપ સમર્થિત સરકાર બનાવવાની આશાઓ નિષ્ફળ ગયા પછી પણ, માર્ચ 2025માં અમિત શાહે દિલ્હીમાં એક બેઠક દરમિયાન ફરી રાજ્યનો દરજ્જો આપવાનો દાવો કર્યો અને ઑક્ટોબર 2025માં પણ કહ્યું કે આ 'યોગ્ય સમયે' કરવામાં આવશે.

આ અણપાળેલા વચનોમાં વપરાયેલી ભાષાનો અભ્યાસ કરતાં જણાય છે કે તેમાં 'સામાન્ય સ્થિતિ', 'ટૂંક સમયમાં' અને 'યોગ્ય સમય' જેવા અસ્પષ્ટ શબ્દોનો હેતુપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ક્ષણો ક્યારે આવશે તે નક્કી કરવાનો કોઈ સ્પષ્ટ માપદંડ નથી. આ પ્રકારના વાક્યપ્રયોગોનો મુખ્ય હેતુ નિર્ણયને વધુ ને વધુ આગળ ધકેલવાનો અને જમ્મુ-કાશ્મીરને તેનો હક આપવામાં વિલંબ કરવાનો જણાય છે.

નેશનલ કોન્ફરન્સ સત્તામાં આવી તેને બે વર્ષ જેટલો સમય થવા આવ્યો છે, છતાં કેન્દ્ર સરકારે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો ઈનકાર કર્યો છે

ઑગસ્ટ 2019 પછી જમ્મુ-કાશ્મીરમાં મોદી-શાહ શાસને સ્થાનિક લોકોના લોકશાહી અધિકારો પ્રત્યે ઉપેક્ષા દર્શાવી છે. તેનું તાજેતરનું ઉદાહરણ આ મહિનાની શરૂઆતમાં અનંતનાગમાં એક પોલીસ કૉન્સ્ટેબલની આતંકવાદી હુમલામાં થયેલી હત્યા બાદ ખીણમાંથી આશરે 2,500 લોકોની કરાયેલી અટકાયત છે. કઈ અદાલતમાં કે બંધારણના કયા અર્થઘટન હેઠળ એક વ્યક્તિની હત્યા માટે આટલા મોટા પાયે નાગરિકો પર શંકા કરી શકાય?બીજી તરફ વડાપ્રધાન અને ગૃહમંત્રી જમ્મુ-કાશ્મીરના લોકોના લોકશાહી અધિકારોને નકારી રહ્યા છે, ત્યારે હિંસાત્મક પરિબળો પણ આ પ્રદેશના, ખાસ કરીને કાશ્મીર ખીણના, લોકોને સતત નિશાન બનાવી રહ્યા છે. તાજેતરમાં રજૂ થયેલી 'ચૌહાણ' નામની ફિલ્મના ટ્રેલરને જ જુઓ, જે વર્ષોથી પોલીસ અને સુરક્ષા દળોના હાથે સામાન્ય કાશ્મીરીઓએ સહન કરેલી હિંસાની મજાક ઉડાવે છે. આ ટ્રેલરે ખીણમાં વ્યાપક વિરોધ જગાડ્યો છે.

2024ની વિધાનસભાની ચૂંટણીઓમાં 64 ટકા મતદાન નોંધાયું હતું, જે લોકશાહી પ્રક્રિયા પ્રત્યે લોકોના વિશ્વાસને દર્શાવે છે. નેશનલ કોન્ફરન્સ સત્તામાં આવી તેને બે વર્ષ જેટલો સમય થવા આવ્યો છે, છતાં કેન્દ્ર સરકારે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો ઈનકાર કર્યો છે. તાજેતરમાં નાયબ મુખ્યમંત્રી સુરિન્દર ચૌધરીએ જણાવ્યું હતું કે રાજ્યનો દરજ્જો ન હોવાને કારણે ચૂંટાયેલી સરકાર પાસે બહુ ઓછી સત્તાઓ છે. તેમણે કહ્યું હતું, 'અમે લોકો માટે કામ કરવા માગીએ છીએ. દરેક ઘરમાં બેરોજગારી છે, છતાં અમે એક પણ દૈનિક વેતનદાર કર્મચારીની નિમણૂક કરી શકતા નથી.'

1950થી 2019 દરમિયાન જમ્મુ-કાશ્મીર ભારતનું પૂર્ણ રાજ્ય હતું. તે સમયગાળા દરમિયાન દેશના અન્ય નવ હિમાલયી પ્રદેશોને રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો હતો, જેમાં અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મિઝોરમ, મેઘાલય, સિક્કિમ, ત્રિપુરા, મણિપુર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડનો સમાવેશ થાય છે.

નોંધપાત્ર વાત એ છે કે આ તમામ રાજ્યોની વસતી જમ્મુ-કાશ્મીર કરતાં ઘણી ઓછી છે. તો પછી આ તમામ પ્રદેશો રાજ્ય તરીકે પાત્ર બની શકે, જ્યાં ચૂંટાયેલી સરકારો પાસે વાસ્તવિક સત્તાઓ છે, પરંતુ જમ્મુ-કાશ્મીર કેમ નહીં, જ્યાં ઑગસ્ટ 2019થી બિનચૂંટાયેલા લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા શાસન ચલાવવામાં આવી રહ્યું છે? આનો જવાબ સ્પષ્ટ છેઃ અન્ય કોઈ પણ રાજ્યમાં મુસ્લિમ બહુમતી ધરાવતી વસતી નથી. અને હિન્દુત્વની જે વિચારધારાને વડાપ્રધાન અને ગૃહમંત્રી અનુસરે છે, તે મુસ્લિમોને પ્રજાસત્તાકના પૂર્ણ અધિકાર ધરાવતા નાગરિકો તરીકે જોવાને બદલે માત્ર આશ્રિતો અને યાચકો તરીકે જોવાનું વલણ ધરાવે છે. જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાનો સતત થતો અયોગ્ય ઇનકાર એ જ નુકસાનકારક બહુમતીવાદને અનુરૂપ છે, જે ભારતીય પ્રજાસત્તાકની મૂળ ભાવનાને છિન્નભિન્ન કરી રહ્યો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ગરીબ પછાત અને સામાન્ય જનતાને મોંઘવારીમાંથી રાહત મળવી જોઈએ

૨૦૧૭માં જી. એસ. ટી. લાગુ કર્યો ત્યારે, એનો બહોળો વિરોધ થયો હતો. કારણ એ કે મોંઘવારી વધવાની પૂરી શક્યતાઓ હતી. જી. એસ. ટી. ને કારણે ઘટાડો થશે એની ખાતરી આપવા છતાં તમામ પ્રકારના રોજ-બરોજના ચીજવસ્તુઓનાં મોંઘી થશે એની ખાત્રી હોવા છતાં સરકાર જી. એસ. ટી. લાગુ કરવા માટે મક્કમ હતી અને એ કામ એણે ગર્વપૂર્વક પાર પાડ્યું હતું. કોઈ એક સાબુ એ જ નહી પણ જેના ઉપર G.S.T. ઘટાડો નહિ ઈચ્છાય ત્યારે લોકોમાં આક્રોશ કહેવાતું હતું કે દૂધ, ચા, મસાલા ઉપર (શ્વાસ લેવા ઉપર) પણ સરકાર G.S.T. લાગુ કરતાં નવાઈ પામવા જેવું કશું રહેશે નહિ અને G.S.T. ના રાજમાં લગભગ ૨૫ ટકા મોંઘવારી વધી ગઈ. હવે સરકારે G.S.T. ના બે સ્લેબ રાખ્યા છે, ૫ ટકા અને ૧૨ ટકા. એટલે સરકાર G.S.T. ના ઉત્સવો ઉજવે છે કે મોંઘવારી ઘટશે. જાણવા જોગ છે કે પૈસાવાળાને પરવડે એવી વસ્તુઓ કદાચ સસ્તા થશે. પણ પેલા મજૂર લોકો, ગરીબ લોકો કે અન્ય આર્થિક રીતે પછાત છે, એવા સમાજના ઘણા બહોળા વર્ગોના લોકોને એમના પાયાના જીવવા માટેના રોજ-બરોજના સસ્તા મળતા થાય તો ભલો થાય. કપડાં, લોટ-તેલ-ગોળ-ખાંડ-મસાલા તથા દૂધ જેવી વસ્તુઓ જો થોડીક પણ સસ્તા મળતા થાય તો G.S.T. ના ઘટાડા - ના ઉત્સવો લેખે લાગશે.

સુરત - બાબુભાઈ નાઈ

અનામત

અનામતનો મુદ્દો ભારતમાં હંમેશા ચર્ચાના કેન્દ્રમાં રહ્યો છે. સોશિયલ મીડિયાથી લઈને ર